પ્રકરણ 4

ઇતિહાસની સમયરેખા અને તેના સ્રોતો

ઇતિહાસ આજના સમાજ અને ગઈકાલના (ભૂતકાળના) સમાજ વચ્ચેનો અનંત સંવાદ છે, આપણે ભૂતકાળના પ્રકાશમાં જ વર્તમાન સમાજને સંપૂર્ણ રીતે સમજી શકીએ છીએ.

ઈ.એચ. કાર



નેશનલ મ્યુઝિયમ, નવી દિલ્હી (રાષ્ટ્રીય સંગ્રહાલય, નવી દિલ્હી) આવા સંગ્રહાલયો પૌરાણિક વસ્તુઓ, જેમ કે મૂર્તિઓ, સિક્કાઓ અને આભૂષણોની જાળવણી કરે છે, જે આપણને આપણા ઇતિહાસને સમજવામાં મદદ કરે છે.

મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ?

1. *આપણે ઇતિહાસમાં સમયને કેવી રીતે માપી શકીએ ?*
2. *ઇતિહાસ સમજવામાં વિવિધ સ્રોતો આપણને કેવી રીતે મદદ કરી શકે ?*
3. *શરૂઆતના માનવીઓ કેવી રીતે જીવતા હતા ?*

L2H8M3

આપણે ઇતિહાસ વિશે અધ્યયન કેવી રીતે કરીએ છીએ ?

ચાલો, વિચારીએ

- તમારી સૌથી જૂની યાદ કઈ છે ? શું તમને યાદ છે કે તે સમયે તમારી ઉંમર કેટલી હતી ? કદાચ પાંચ-છ વર્ષ પહેલાંની આ બધી યાદો તમારા ભૂતકાળનો ભાગ છે.
- તમે વિચારો છો કે ભૂતકાળને સમજવાથી આપણને વર્તમાન વિશ્વને સમજવામાં કેવી રીતે મદદ મળશે ?

તમે વિજ્ઞાન વિષયમાં વર્ગમાં શીખી શકશો કે પૃથ્વીનો ઘણો લાંબો **ઇતિહાસ** છે, જેમાંથી આપણો ઇતિહાસ માત્ર નવીનતમ અને નાનો ભાગ છે.

ઇતિહાસ : માનવ ભૂતકાળનો અભ્યાસ.



આકૃતિ 4.1 પૃથ્વી પરના જીવન ઉત્ક્રાંતિના કેટલાક મહત્ત્વપૂર્ણ તબક્કાઓની સમયરેખા

ઘણા લોકો પૃથ્વીના ઇતિહાસનો અભ્યાસ કરે છે. તેઓ પૃથ્વીની સપાટીની નીચે રહેલાં રહસ્યોને જાણવા પ્રશિક્ષિત છે. આ રીતે તેઓ પૃથ્વીના ભૂતકાળની સાથે સાથે આપણા ભૂતકાળને સમજવામાં પણ મદદરૂપ થાય છે.



ચિત્ર 4.2.1 : ભૂસ્તરશાસ્ત્રી



ચિત્ર 4.2.2 : જીવાશ્મ વિજ્ઞાની



ચિત્ર 4.2.3 : નૃવંશશાસ્ત્રી



ચિત્ર 4.2.4 : પુરાતત્ત્વવિદ

ઉપરની ચાર ચિત્રોમાં (ડાબેથી જમણી) દર્શાવેલ પ્રવૃત્તિઓનું અવલોકન કરો.

- **ભૂસ્તરશાસ્ત્રી (Geologists) (ચિત્ર 4.2.1) :** પૃથ્વીનાં ભૌતિક સ્વરૂપો જેમ કે માટી, પથ્થરો, ટેકરીઓ, પર્વતો, નદીઓ, સાગર, મહાસાગરો અને પૃથ્વીના અન્ય ભાગોનો અભ્યાસ કરે છે.
- **જીવાશ્મવિજ્ઞાની (Palaeontologists) (ચિત્ર 4.2.2) :** **અશ્મિઓ**ના રૂપમાં કરોડો વર્ષ પહેલાંના વૃક્ષો, પ્રાણીઓ અને માનવના અવશેષોનો અભ્યાસ કરે છે.
- **નૃવંશશાસ્ત્રી (Anthropologists) (ચિત્ર 4.2.3) :** માનવસમાજ અને સંસ્કૃતિઓનો સૌથી પ્રાચીન કાળથી અત્યાર સુધીનો અભ્યાસ કરે છે.
- **પુરાતત્ત્વવિદ (Archaeologists) (ચિત્ર 4.2.4) :** માનવ, વનસ્પતિ અને પશુઓ દ્વારા છોડેલા અવશેષો જેવા કે ઉપકરણ, માટલાં, વાસણો, મણકા, મૂર્તિઓ, રમકડાં, હાડકાં, પશુ-માનવોનાં દાંત, બળેલા અનાજ, મકાનો અને ઈંટોનાં રોડાં જેવી અન્ય ચીજોનુ ઉત્ખનન્ કરીને ભૂતકાળનો અભ્યાસ કરે છે.

અશ્મિ : પ્રાણીઓના પદચિહ્નો કે છાપ, વનસ્પતિ તથા પ્રાણીઓના ભાગો જે જમીન અને ખડકોના સ્તરોમાં સચવાયેલા જોવા મળે છે.

ઈતિહાસમાં સમય ગણના કેવી રીતે કરવામાં આવે છે ?

દરેક સમાજ અને સંસ્કૃતિની સમયની ગણતરી કરવાની પોતાની પદ્ધતિ હોય છે. કોઈ ચોક્કસ વ્યક્તિનો જન્મ અથવા શાસકના શાસનની શરૂઆત જેવી મુખ્ય ઘટનાઓને નવા **યુગ**ની શરૂઆત માનવામાં આવે છે.

યુગ: સમયનો નિશ્ચિત કાલખંડ

આજે વિશ્વભરમાં સામાન્ય રીતે **ગ્રેગોરિયન કેલેન્ડર** વપરાય છે. સાથે સાથે તહેવારો અને **શુભ** કાર્યોના નિર્ધારણ માટે કે હિન્દુ, મુસ્લિમ, યહૂદી અને ચીનમાં પણ તહેવારો તથા અન્ય શુભ કાર્યોની તારીખોની ગણતરી માટે અન્ય કેલેન્ડર (તિથિપત્રો)નો ઉપયોગ કરવામાં આવે છે.

પશ્ચિમમાં કેલેન્ડરની શરૂઆત સામાન્ય રીતે ઈસુ ખ્રિસ્તના જન્મવર્ષથી શરૂ થાય છે. વર્ષોની ગણતરી આ બિંદુથી કરવામાં આવે છે અને તેને અંગ્રેજીમાં 'AD' કહેવામાં આવે છે. (AD એ લેટિન ભાષાનું સંક્ષિપ્ત સ્વરૂપ છે, જે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો સૂચવે છે), પરંતુ હવે સમગ્ર વિશ્વમાં તેને **'સામાન્ય સંવત (Common Era)'** અથવા અંગ્રેજીમાં 'CE' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ભારત 1947માં સ્વતંત્ર થયું હતું, તેને 1947 AD (ક્યારેક AD 1947) અથવા 1947 (CE) તરીકે પણ ઓળખવામાં આવે છે.
એ જ રીતે, ઈસુ ખ્રિસ્તના જન્મની પરંપરાગત તારીખ પહેલાનાં વર્ષોને વિપરીત (ઉતરતા) ક્રમમાં ગણવામાં આવે છે અને અંગ્રેજીમાં તેને BC, તરીકે દર્શાવવામાં આવતુ હતું. **સામાન્ય સંવત પૂર્વેને** અંગ્રેજીમાં (Before Common Era) 'BCE' તરીકે દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે 560 BCE ગૌતમ બુદ્ધનું અંદાજિત જન્મ વર્ષ છે (જેના વિશે આપણે પ્રકરણ 7માં શીખીશું). શું તમે ગણતરી કરી શકો છો કે તેમનો જન્મ કેટલાં વર્ષ પહેલાં થયો હતો ?

ગ્રેગોરિયન કેલેન્ડર : વિશ્વભરમાં વપરાતું કેલેન્ડર છે તેમાં 12 મહિનાનો સમય હોય છે, જેમાં 365 દિવસ હોય છે, અને દર ચાર વર્ષે લીપ વર્ષ હોય છે. ઉદાહરણ તરીકે સદીના અંતિમ વર્ષો જોઈએ- ઉદાહરણ તરીકે, 1800, 1900, 2000 - જો તે 400 ના ગુણાકારમાં હોય તો જ લીપ વર્ષ હોય છે; તેથી ઉપરના ત્રણ શતાબ્દી વર્ષોમાં, ફક્ત 2000 એ લીપ વર્ષમાં એક દિવસનો ઉમેરો થાય છે.

શુભ : અનુકૂળ હોય કે સૌભાગ્યશાળી દાખલા તરીકે, શુભારંભ.



ચિત્ર 4.3 - 300,000 BCE થી કેટલીક મુખ્ય ઘટનાઓની સમયરેખા

ચાલો શોધીએ



→ આ પ્રકારની ગણતરી સરળ છે પરંતુ તેમાં એક સમસ્યા છે. ગ્રેગોરિયન કેલેન્ડરમાં 'શૂન્ય' તરીકે કોઈ વર્ષ ચિહ્નિત થયેલ નથી. વર્ષ 1 સા.સં.પૂ. (BCE), પછી તરત જમણી બાજુ 1 સા.સં. (CE) આવે છે. 2 સા.સં.પૂ. (BCE) થી 2 સા.સં. (CE) વર્ષ સુધી સમયરેખા બનાવો. તમે જોશો કે 'શૂન્ય વર્ષ'ની ગેરહાજરીને કારણે આ બે વર્ષો વચ્ચે 3 વર્ષનું અંતર હશે.

→ કોઈપણ સામાન્ય સંવત પૂર્વ (BCE) અને સામાન્ય સંવત (CE)ના વર્ષોની વચ્ચેની ગણતરી કરતી વખતે, આપણે હંમેશાં બે ઉમેરવા જોઈએ અને તેમના સરવાળામાંથી 1ની બાદબાકી કરવી જોઈએ. ઉપરોક્ત પરિસ્થિતિમાં 2 + 2 − 1 = 3

→ તમારા મિત્ર સાથે આવાં કેટલાંક ઉદાહરણોનો અભ્યાસ કરો. ઉદાહરણ તરીકે, ગૌતમ બુદ્ધ વિશેના પ્રશ્નો પર પાછા ફરીએ તો, ધારો કે આપણે અત્યારે 2024 ના વર્ષમાં છીએ, તો પછી ગૌતમ બુદ્ધનો જન્મ 560 + 2024 − 1 = 2583 વર્ષ પહેલાં થયો હતો.



સમયરેખા (જુઓ પાના નં-62 અને 63 પર આકૃતિ 4.3) આવી ઘટનાઓને ચિહ્નિત કરવા માટે સમયરેખા એક અનુકૂળ સાધન છે, કારણ કે તે કોઈપણ ચોક્કસ સમયગાળાને આવરી લેતી તારીખો અને ઘટનાઓનો ક્રમ દર્શાવે છે. તે માનવ સભ્યતાના પ્રારંભથી લઈને વર્તમાન સુધીની સફર દર્શાવે છે. સમયરેખા પર મુખ્ય ઐતિહાસિક ઘટનાઓને આકૃતિમાં બિંદુઓને બદલે એરોથી દર્શાવેલ છે. ધ્યાન રાખો કે સમયરેખા પર ટપકાંવાળો ભાગ છોડી દેવાયેલા સમયગાળાને દર્શાવે નહિતર આ સમયરેખા લગભગ 3 મીટર લાંબી થાત.



એક સમયરેખા ઐતિહાસિક ઘટનાઓ ક્યા ક્રમમાં બની છે તે સમજવામાં પણ મદદ કરે છે. દાખલા તરીકે તારીખો જોયા વિના પણ, તમે હવે કહી શકો છો કે ગૌતમ બુદ્ધનો જન્મ ઈસુના જન્મ પહેલાં થયો હતો.



ચૂકશો નહીં

એક વર્ષ અને એક દાયકા (દસ વર્ષનો સમયગાળો)ની સાથે સાથે આપણે ઘણી વાર લાંબા સમયગાળાને સમજવા માટે અન્ય શબ્દોનો ઉપયોગ કરીએ છીએ. ઇતિહાસ વિશે શીખતી વખતે આમાંના બેનો સામાન્ય રીતે ઉપયોગ થાય છે.

1. **સદી :** સદી કોઈપણ 100 વર્ષનો સમયગાળો છે. ઇતિહાસમાં, પહેલી સદી સા.સં. 1 (CE)થી સા.સં 100 (CE) નાં સો વર્ષ સુધી ગણાય છે. ઉદાહરણ તરીકે, આપણે હાલમાં 21 મી સદીમાં છીએ જે 2001 (CE)થી શરૂ થઈ અને 2100 (CE) સુધી ચાલશે.

સા.સં. પૂ. (BCE)ની ગણતરી કરવા માટે આપણે 1 સા.સં.પૂ. (BCE) નો ઉપયોગ કરીને સમયરેખાની પાછળ ડાબી તરફ જઈએ. ઉદાહરણ તરીકે, ત્રીજી સદી BCEમાં 300 સા.સં.પૂ. (BCE) થી 201 સા.સં.પૂ. (BCE) સુધીનો સમય ગાળો હશે.

2. **સહસ્રાબ્દી :** સહસ્રાબ્દીએ 1000 વર્ષનો સમયગાળો છે. ઇતિહાસમાં 1 સા.સં. (CE) થી શરૂ કરીને દરેક 1000 વર્ષ માટે હજારો વર્ષોની ગણના કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે આપણે ત્રીજી સહસ્રાબ્દીમાં છીએ, જે 2001 સા.સં. (CE) થી શરૂ થઈને 3000 સા.સં (CE) સુધી ચાલુ રહેશે.
સદીની જેમ, સા.સં.પૂ. (BCE)માં હજારો વર્ષોની ગણતરી કરવા માટે 1 સા.સં.પૂ. (BCE)થી શરૂ કરીને સમયરેખામાં પાછળ (ડાબીતરફ) જઈએ છીએ. ઉદાહરણ તરીકે, પ્રથમ હજારો વર્ષ સા.સં.પૂ (BCE)માં 1 સા.સં.પૂ (BCE)થી 1000 સા.સં.પૂ (BCE) સુધીનો સમયગાળો સામેલ છે.

   પાના નં-62 અને 63 (આકૃતિ 4.3)માં આપેલી સમયરેખામાં તમે આઠમી સહસ્રાબ્દી વર્ષને સા.સં.પૂ. (BCE) ને ચિહ્નિત કરી શકશો ?

ચાલો, શોધીએ



1900 સા. સં. (CE)થી શરૂ કરીને આજ સુધીનાં વર્ષની સમયરેખા આલેખો. તેના ઉપર તમારા દાદા-દાદી, માતાપિતા, ભાઈ-બહેન અને તમારી પોતાની જન્મ તારીખ દર્શાવો સાથે 20 સદી સા.સં. (CE) શરૂ કરી ચાલુ વર્ષને અંતિમ બિંદુ તરીકે દર્શાવો.



ચૂકશો નહીં

શું તમે જાણો છો કે મોટા ભાગનાં ભારતીય કેલેન્ડર (તિથિપત્રો), મહીનાઓ અને દિવસો નક્કી કરવા માટે સૂર્ય અને ચંદ્રની સ્થિતિ પર આધાર રાખે છે. પંચાગ એ ખગોળીય વિગતોના કોઠા ધરાવતું પુસ્તક છે કે જેમાં દરેક મહિનાના દિવસો સાથે સંકળાયેલા ખગોળશાસ્ત્રીય આંકડાઓની યાદી આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે તે સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ, સૂર્યોદય અને સૂર્યાસ્ત જેવી ઘટનાઓનો સચોટ સમય નક્કી કરે છે. હવામાનની આગાહી, તહેવારોની તારીખ અને સમયના નિર્ધારણ વગેરે માટે આજે પણ ભારતમાં મોટાપાયે પંચાંગનો ઉપયોગ થાય છે.

ઇતિહાસનો સ્રોતઃ સ્થળ, વ્યક્તિ, લખાણ અથવા કોઈ વસ્તુ જેમાંથી આપણે ભૂતકાળની ઘટના અથવા સમયગાળા વિશે માહિતી એકત્રિત કરીએ છીએ.

ઇતિહાસના સ્રોત કયા-કયા છે?

ચાલો, શોધીએ

શું તમે તમારા પરિવારની ઓછામાં ઓછી ત્રણ પેઢીઓ વિશેની માહિતી એકત્રિત કરી શકો છો ? તમારા માતાપિતા, દાદા-દાદી અને પરદાદા-દાદીવાળું કુટુંબવૃક્ષ બનાવો. તેમનાં નામ જાણો, તેમણે આજીવિકા માટે શું કર્યું હતું અને તેમનો જન્મ ક્યાં થયો હતો ! જેવી માહિતી ક્યાંથી મળી છે તેના સ્રોતો નીચેના કોષ્ટકમાં જણાવો.



સંબંધ	નામ	વ્યવસાય	જન્મ સ્થળ	માહિતીનો સ્રોત
દાદા-દાદી (પૈતૃક)				
નાના-નાની				
પર-દાદા-દાદી (પૈતૃક)				
પરનાના- પરનાની				

તમે તમારા પરિવારના ભૂતકાળ વિશેની વિગતો કેવી રીતે મેળવી? શું તમે તમારા માતા-પિતા અને સંબંધીઓના ફોટાગ્રાફ, ડાયરીઓ, ઓળખકાર્ડ અથવા સ્મરણો (યાદો) જેવી કઈ બાબતો પર આધાર રાખ્યો હતો ?

ચાલો, વિચારીએ

શું તમે ક્યારેય તમારા ઘરમાં કે તેની આસપાસ જૂના સિક્કા, પુસ્તકો, કપડાં, ઝવેરાત અથવા વાસણો જોયાં છે ? આવાં જૂનાં મકાનો, વસ્તુઓ, કે ઈમારતોમાંથી આપણે કેવા પ્રકારની માહિતી મેળવી શકીએ ?



દરેક વસ્તુ કે માળખું એક વાર્તા કહે છે અને તે જીગ-શૉ-પઝલ (ચિત્ર જોડ કોયડા ઉકેલ) ભાગ જેવી હોય છે. જે વસ્તુઓ તમે તમારા ઘરમાં જુઓ છો, તે તમને તમારા પરિવારના ઇતિહાસ વિશે કંઈક કહે છે. તેવી જ રીતે, આપણે ઐતિહાસિક ઘટનાઓ વિશે જુદા-જુદા સ્રોતોમાંથી માહિતી એકત્ર કરી શકીએ છીએ. એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે ઇતિહાસની બાબતમાં પઝલની જેમ કેટલાક ભાગો ખૂટતા હોઈ શકે છે !

નીચેની આકૃતિમાં દર્શાવેલ ઇતિહાસના મુખ્ય સ્રોતોને પ્રસ્તુત કરતી આકૃતિને જુઓ આ તમામ સ્રોતોને આ તબક્કે યાદ રાખવાની જરૂર નથી; આપણે આગળના અભ્યાસ



ઇતિહાસકાર : એક વ્યક્તિ જે ભૂતકાળનો અભ્યાસ કરે છે અને તેના વિશે લખે છે.

દરમિયાન તેમાંથી કેટલાકનો ઉપયોગ કરશું. ઉદાહરણ તરીકે, જ્યારે **ઇતિહાસકાર** 1500 વર્ષ પહેલાનાં રાજા કે રાણી, પ્રાચીન સ્મારકો, યુદ્ધ કે વેપારની વસ્તુઓ વિશે માહિતી એકત્રિત કરવા પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ ખૂબ જ કાળજીપૂર્વક જુદા-જુદા સ્રોતોમાંથી માહિતી એકત્રિત કરે છે. ક્યારેક આ સ્રોતો પરસ્પર માહિતીની પુષ્ટિ કરે છે (જેમ કે જીગ-શૉ-પઝલના ટુકડાઓ મળતા આવે છે), તો ક્યારેક વિરુદ્ધ માહિતી આપે છે (જેમ કે જીગ-શૉ-પઝલના ટુકડાઓ મળતા નથી.) આવી પરિસ્થિતિમાં નક્કી કરવું પડે છે, કે કયા સ્રોત પર વધુ ભરોસો કરવો. આ રીતે ઇતિહાસકાર જે સમયગાળાનો અભ્યાસ કરે છે તેના ઇતિહાસનું પુનર્ગઠન કરવાનો પ્રયત્ન કરે છે.

ઇતિહાસના આ સ્રોતોમાં કોણ યોગદાન આપે છે? ઇતિહાસકારો ઉપરાંત પુરાતત્ત્વવિદો, શિલાલેખ શાસ્ત્રીઓ (જેઓ પ્રાચીન રેકર્ડનો અભ્યાસ કરે છે,) નૃવંશશાસ્ત્રીઓ (માનવ સમાજ અને સભ્યતાના અભ્યાસ કરનાર), સાહિત્ય અને ભાષાના નિષ્ણાતો વગેરે આ ક્ષેત્રમાં યોગદાન આપે છે. છેલ્લા 50 વર્ષોમાં વૈજ્ઞાનિક અભ્યાસોએ ઇતિહાસના પુનઃનિર્માણમાં મોટું યોગદાન આપ્યું છે. ઉદાહરણ તરીકે, પ્રાચીન આબોહવાનો અભ્યાસ, ખોદકામમાં મળી આવેલા સામાનનું રાસાયણિક વિશ્લેષણ, પ્રાચીન માનવોની **આનુવંશિકતા** વગેરેના અભ્યાસોએ નવો દૃષ્ટિકોણ આપ્યો છે. ઇતિહાસકારો જ્યારે આધુનિક ઇતિહાસ (સામાન્ય રીતે છેલ્લા 200 કે 300 વર્ષનો ઇતિહાસ)નો અભ્યાસ કરે છે, ત્યારે અખબારો મહત્ત્વપૂર્ણ સ્રોત બની શકે છે. છેલ્લા કેટલાંક દાયકાઓના અભ્યાસ માટે ઇલેક્ટ્રોનિક મીડિયા (ટેલિવિઝન, ઇન્ટરનેટ વગેરે)નો પણ ઉપયોગ થઈ શકે છે.

આનુવંશિકતા : જીવવિજ્ઞાનની શાખા જે વનસ્પતિ, પ્રાણીઓ અથવા માણસોમાં, ચોક્કસ લાક્ષણિકતાઓ એક પેઢીથી બીજી પેઢીમાં કેવી રીતે પસાર થાય છે તેનો અભ્યાસ કરે છે.



ચાલો, શોધીએ

આગળના પેજ પર ઇતિહાસના વિવિધ સ્રોતોનાં કેટલાંક ચિત્રો આપેલાં છે. આ ચિત્રો કયાં છે ? અને આ બધાં ચિત્રોમાંથી તમને મળેલી માહિતી ચિત્રોના બાજુમાં આપેલી જગ્યામાં લખો.







માનવ ઇતિહાસનો પ્રારંભ

માનવ (Homo Sapiens) લગભગ 3,00,000 (ત્રણ લાખ) વર્ષ પૂર્વેથી પૃથ્વી પર વસવાટ કરી રહ્યો છે. આ ખૂબ લાંબો સમય લાગે છે, તેમ છતાં તે પૃથ્વીના ઇતિહાસના સમયનો નાનો ભાગ છે. ચાલો, આપણે આપણા પ્રારંભિક ઇતિહાસ પર નજર કરીએ.





ચાલો, શોધીએ

ઉપરોક્ત ચિત્રમાં દર્શાવાયેલ પથ્થરની ગુફામાં શરૂઆતની પ્રાચીન માનવની કેટલીક પ્રવૃત્તિઓ દેખાય છે. તમે તેમાંથી કેટલી પ્રવૃત્તિઓને ઓળખી શકો છો ? દરેક પ્રવૃત્તિનું ઉદાહરણ સાથે સંક્ષિપ્ત વર્ણન કરો.

મરણોપરાંત જીવન :
મરણોપરાંત જીવન એટલે મૃત્યુ પછીનું જીવન

પ્રારંભિક આદિમાનવને કુદરત તરફથી અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. એકબીજાની મદદ માટે તેઓ ટોળીઓ અથવા સમૂહોમાં રહેતા હતા. તેઓ મુખ્યત્વે શિકાર અને ખાદ્ય સંગ્રાહકો હતા અને સતત ખોરાક અને રહેઠાણની શોધમાં રહેતા હતા. એનો એ અર્થ થાય છે કે તેઓ તેમના અસ્તિત્વ માટે ખાવાલાયક છોડ અને ફળોનો સંગ્રહ તેમજ શિકાર પર આધાર રાખતા હતા. આપણા આદિપૂર્વજો કુદરતી તત્ત્વો વિશે ચોક્કસ માન્યતાઓ ધરાવતા હતા, કદાચ તેમની પાસે **મરણોપરાંત જીવન** વિશે પણ કેટલીક માન્યતાઓ હતી.

આ સમૂહો હંગામી પડાવો, પથ્થરનાં આશ્રયો અથવા ગુફાઓમાં રહેતા હતા અને એકબીજા સાથે જે ભાષાઓમાં વાતચીત કરતા હતા, તે હવે લુપ્ત થઈ ગઈ છે. તેમણે આગનો ઉપયોગ કરવાનું શીખી લીધું હતું. પથ્થરની સુધારેલી કુહાડીઓ અને પતરી (બ્લેડ), અણીદાર તીરો અને અન્ય સાધનોના નિર્માણથી તેમનું જીવન સરળ બન્યું. સમગ્ર વિશ્વની હજારો ગુફાઓનાં શૈલચિત્રો (Rock Paintings)માં તેમના જીવનનાં વિવિધ પાસાંઓ દર્શાવે છે. આમાંનાં કેટલાંક ચિત્રો સરળ આકૃતિઓ અને પ્રતીકોનાં છે, જ્યારે કેટલાક વધુ વિસ્તૃત છે, તેમાં પ્રાણીઓ અને મનુષ્યનાં દૃશ્યો દર્શાવેલાં છે. સમય જતાં આદિમાનવે પથ્થર અને મણકા ગૂંથેલી માળા, પ્રાણીઓના દાંતનું પેન્ડેન્ટ (માદળિયાં) જેવાં સરળ આભૂષણો બનાવ્યાં અને અન્ય સમૂહો સાથે એનું આદાનપ્રદાન કર્યું.

પ્રથમ પાક

લાંબા સમયગાળા દરમિયાન પૃથ્વીના વાતાવરણમાં અનેક ફેરફાર થયા છે. એક સમયે પૃથ્વી ખૂબ ઠંડી હતી અને તેનો મોટો ભાગ હિમાચ્છાદિત (બરફથી ઢંકાયેલો) હતો, તેથી તે સમયને 'હિમયુગ' તરીકે ઓળખવામાં આવ્યો. તમે આ વિશેનો વધુ વિગતવાર અભ્યાસ વિજ્ઞાનમાં કરશો. પાછળથી જ્યારે આબોહવા ગરમ થવા લાગી, ત્યારે બરફનો કેટલાક ભાગ પીગળવાનો શરૂ થયો, જેનાથી તે સમયની નદીઓ પાણીથી ભરાઈ ગઈ અને પછી તે પાણી મહાસાગર ભળી ગયું. આ હિમયુગ લગભગ 1,00,000 (એક લાખ) વર્ષ સા.સં.પૂ. (BCE) લઈને 12,000 વર્ષ સા.સં.પૂ. (BCE) સુધી ચાલ્યો.

તે પછી માનવ માટે રહેવાની પરિસ્થિતિઓમાં સુધારો થયો. વિશ્વના ઘણા ભાગોમાં માણસોએ એક જ સ્થળે વસવાટ કરવાનું શરૂ કર્યું અને અનાજ ઉગાડવાનો આરંભ કર્યો. તેમણે ગાય, બકરાં જેવા પ્રાણીઓ પાળવાનું શરૂ કર્યું. ખોરાકની વધુ ઉપલબ્ધતાના કારણે આ સમૂહોના કદ અને સંખ્યા બંને વધવા લાગ્યાં. તેઓ મુખ્યત્વે નદીઓના કિનારે રહેવા લાગ્યા, પરંતુ તેનું એકમાત્ર કારણ પાણીની ઉપલબ્ધતા નહીં પણ અહીંની જમીનની ફળદ્રુપતા હતી. આથી અનાજ ઉગાડવાની પ્રક્રિયા વધુ સરળ બની.

ચાલો, શોધીએ

આગળના પાનાં પરના ચિત્રનું અવલોકન કરો. તેમાં થોડીક સહસ્ત્રાબ્દી વર્ષ પહેલાંના ખેડૂત સમુદાયની ખેતી પ્રવૃત્તિઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તમે જે મુખ્ય પ્રવૃત્તિઓને ઓળખી શકો તેની યાદી બનાવો.





ચાલો, વિચારીએ

- ખડકનાં આશ્રયસ્થાનો (Rock Shelter)ના આ પહેલાંના અને આ એમ બંને ચિત્રોમાં પુરુષો અને મહિલાઓની કેટલીક ભૂમિકાઓ નક્કી કરવામાં આવી છે. જો કે આ ભૂમિકાઓ સ્વાભાવિક છે, પરંતુ જરૂરી નથી કે આ દરેક પરિસ્થિતિઓમાં લાગુ પાડી શકાય. ઉદાહરણ તરીકે ખડક આશ્રયસ્થાનમાં મહિલાઓએ પથ્થર પર ચિત્રકામ માટે રંગો તૈયાર કરવામાં મદદ કરી હોય અથવા કેટલાંક ચિત્રો દોરવાનું પણ કામ કર્યું હોય શકે. બીજા ચિત્રમાં પુરુષો એ કદાચ રસોઈ બનાવવામાં અથવા બાળકોની સંભાળ રાખવામાં પણ મદદ કરી હોય શકે.
- આપણી પાસે માત્ર મર્યાદિત માહિતી છે તે ધ્યાનમાં રાખીને, આવી ભૂમિકાઓ અને પરિસ્થિતિઓ વિશે વિચારો અને વર્ગમાં ચર્ચા કરો.

જેમ-જેમ સમુદાયનો વિકાસ થતો ગયો તેમ તેમ સમાજ જટિલ બનતો ગયો. સરદાર અથવા મુખિયા લોકોના કલ્યાણ માટે જવાબદાર હતા અને બધા મળીને સમુદાયના **કલ્યાણ** માટે સામૂહિક કાર્ય કરતા હતા. ઉદાહરણ તરીકે, ખાનગી માલિકીની કોઈ ભાવના ન હતી અને જમીન પર સામૂહિક રીતે ખેતી કરવામાં આવતી હતી.

કલ્યાણ : આરોગ્ય, સમૃદ્ધિ અને સુખાકારી.

સમય પસાર થતાં નાનાં ગામડાં **પલ્લી** (ઉપ-ગામ) મોટા ગામડાઓમાં પરિવર્તિત થયા, જે મુખ્યત્વે ખોરાક, કપડાં અને સાધનો જેવી વસ્તુઓનું આદાન-પ્રદાન કરવા લાગ્યા. ધીરે-ધીરે આ ગામોમાં સંદેશાવ્યવહાર અને પરિવહનની વ્યવસ્થાતંત્ર વિકસિત થયું અને તેમાંથી કેટલાંક નાનાં નગરોમાં ફેરવાઈ ગયાં. ઉદાહરણ તરીકે, માટીનાં વાસણો અને માટીની અન્ય વસ્તુઓ બનાવવાની અને ધાતુઓનો ઉપયોગ (પ્રથમ તાંબું અને પછી લોખંડ)ની તક્નીક અસ્તિત્વમાં આવી, જેના કારણે ટકાઉ સાધનો, દૈનિક ઉપયોગની વસ્તુઓ અને આભૂષણો બનાવવું સરળ બન્યું.

પલ્લી : એક નાની વસાહત અથવા નાનું ગામ.

આપણે પ્રકરણ-6માં જોઈશું કે, આ તબક્કાઓએ 'સભ્યતા'ના ઉદયમાં કઈ રીતે યોગદાન આપ્યું. હાલ આ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે. કારણ કે, માનવ સંસ્કૃતિએ વિકાસના આ પ્રારંભિક તબક્કાઓમાં અનેક પડકારોનો સામનો કર્યો હતો. આ સમય દરમિયાન કેટલીક મુશ્કેલીઓ આવી હતી, જ્યારે કેટલીક પૂર્વવર્તી પ્રજાતિઓની જેમ માનવ સભ્યતા પણ લુપ્ત થઈ શકતી હતી. આપણે આ આદિમાનવો વિશે ક્યારેય જાણી શકીશું નહીં, જેમના સાહસ અને અડગતા દ્વારા આજે આપણું અસ્તિત્વ સંભવ બની શક્યું છે.

આપણે આગળ વધીએ તે પહેલાં...



- આપણે આપણા ભૂતકાળ વિશે વધુ જાણવા માટે કેટલીક રીતો શોધી કાઢી છે. સમયરેખાનો ખ્યાલ આપણને જુદા જુદા સમયે ઐતિહાસિક ઘટનાઓના ક્રમને સમજવામાં મદદ કરે છે.
- સમયને માપવાની જુદી જુદી રીતો છે. વર્ષો, દાયકાઓ, સદીઓ, સહસ્રાબ્દિ.
- ઇતિહાસના સ્રોતો ઘણા છે; તેઓ આપણને ઐતિહાસિક ઘટનાઓનું પુનર્ગઠન તથા અર્થઘટન કરવામાં મદદ કરે છે.
- આપણે શરૂઆતના માનવ જીવનના માનવ સમાજો કેવી રીતે સમજી શક્યા ? અને એ પણ શીખ્યા કે સમય જતાં માનવ સમાજ કેવી રીતે જટિલ બન્યા તેના પર પણ ટૂંકમાં નજર નાખીએ.

પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. એક પ્રોજેક્ટ તરીકે ગામ કે શહેરમાં તમારી આસપાસ ઉપલબ્ધ ઇતિહાસના સ્રોતોનો ઉપયોગ કરીને તમારા પરિવાર (જો તમે ગામમાં રહેતા હો તો) ગામનો ઇતિહાસ લખો. પ્રોજેક્ટ માટે તમારા શિક્ષક પાસેથી માર્ગદર્શન મેળવો.

2. શું આપણે ઇતિહાસકારોની સરખામણી ગુપ્તચર સાથે કરી શકીએ ? તમારા જવાબોના સમર્થન માટેનાં કારણો જણાવો.

3. તારીખો સાથે કેટલાક અભ્યાસ :-

   - સમયરેખા પર નીચેની તારીખોને સમય પ્રમાણે ક્રમમાં ગોઠવો 323 સા.સં. (CE), 323 સા.સં.પૂ. (BCE), 100 સા.સં. (CE), 100 સા.સં.પૂ. (BCE), 1900 સા.સં.પૂ. (BCE), 1090 સા.સં. (CE), 2024 સા.સં. (CE)
   - જો સમ્રાટ ચંદ્રગુપ્તનો જન્મ 320 સા.સં. (CE)માં થયો હતો તો તેને કઈ સદી સાથે સંબંધ હતો ? બુદ્ધના જન્મથી તેમના જન્મમાં કેટલા વર્ષોનું અંતર છે ?
   - ઝાંસીની રાણીનો જન્મ 1828 સા.સં. (CE)માં થયો હતો. તો તેને કઈ સદી સાથે સંબંધ છે ? ભારતની સ્વતંત્રતાના કેટલાં વર્ષો પહેલાં તેમનો જન્મ થયો હતો ?
   - '12,000 વર્ષ પૂર્વેને દિનાંકમાં ફેરવો.'

4. નજીકના સંગ્રહાલયની મુલાકાતની યોજના બનાવો. સંગ્રહાલયમાં પ્રદર્શિત સામગ્રી વિશે અગાઉથી થોડી માહિતી મેળવો. આ મુલાકાત દરમિયાન નોંધ તૈયાર કરો. મુલાકાત પછી એક ટૂંકો અહેવાલ લખો અને તેમાં મુલાકાત સાથે જોડાયેલી યાદો અને રસપ્રદ વાતો અથવા ઘટનાઓને ઊજાગર કરો.

5. તમારી શાળામાં કોઈ પુરાતત્વવિદ્ અથવા ઇતિહાસકારને આમંત્રિત કરો અને તેમને સ્થાનિક ઇતિહાસ વિશે અને તે જાણવું શા માટે મહત્ત્વપૂર્ણ છે, આ વિષય પર વ્યાખ્યાન આપવા માટે વિનંતી કરો.